સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

લીલામ લોકશાહીનું, ખૂલ્લા બજારે વેંચાય છે,
શરમ ન બંધારણની, એનાં વસ્ત્રો ખેંચાય છે,
મિંચાઈ જાય આંખો મૂલ્યોની, નગ્ન નેતાઓ જોઈ -
સત્તાની મહેફિલે, સંપત્તિનો કેફ ઢિંચાય છે...

હાઈકુ

સભ્યો લે-વેચ,
ખૂલ્યાં છે ઠેર ઠેર
ઠોર બજાર...

રૂપાણી મ્હોરે,
ચાલે અમિત સત્તા...
બ્હેન બાજુએ...

ચિંતન

સાધુ મિલે યહ સબ ટલે, કાલ-જામ-જમ ચોટ,
શીશ નવાવત ટહિ પરૈ, અઘ પાપન કે પોટ.

માનવીના જીવનમાં જન્મ-રાગ-વૃદ્ધાવસ્થા અને મરણની ઘટમાળ નિશ્ચિત છે. જીવનમાં સુખ અને દુઃખ અતૂટ રીતે જોડાયેલ છે. સંઘર્ષ, પુરુષાર્થ અને અરસપરસ સહયોગ વિના માનવ જીવનનું અસ્તિત્વ કલ્પી શકાતું નથી. આવા સ્પષ્ટ સત્યો ને નજરમાં રાખી કબીર કહે છે કે, સારા સાધુ દ્વારા મૂળભૂત વસ્તુનું જ્ઞાન-સમજ પ્રાપ્ત થાય તો કાળ, માયાના આવરણની જાળ અને મૃત્યુ એમ ત્રણ દ્વારા થતી ગ્લાનિ ટાળી શકાય છે. કાળની ગતિ અવિરત છે. રોજબરોજના જીવનમાં આસક્તિ હોવી તે સહજ છે. મૃત્યુનો ડર પણ હોય છે. સત્સંગથી અભય, અનાશક્તિ અને વૈરાગ્ય કેળવાય છે. દિવસ દરમિયાન થતાં દોષો સંતના આશિષ પ્રાપ્ત થતાં દૂર થાય છે. શિષ્યે, સાધકે કે મુમુક્ષે આ માટે શ્રદ્ધા અને નમ્રતાના ગુણો કેળવવા જોઈએ. આપણી સંસ્કૃતિમાં પ્રણામ - નમન પાછળ ઉચ્ચ ભાવનાઓ રહેલી છે. દરેક વ્યક્તિમાં બિરાજમાન ઈશ્વરને વંદન કરી આપણે સામી વ્યક્તિ માટે આદર વ્યક્ત કરીએ છીએ. આથી સંબંધો અને વાતાવરણ શુદ્ધ બને છે.

સુવિચાર

- કેળવણીનો હેતુ વ્યક્તિનું હૃદય જાગ્રત કરવાનો છે, જાગ્રત હૃદય જ મનને સાચા રસ્તા પર ચાલવાની પ્રેરણા આપે છે- **સાધુ વાસવાણી**
- પ્રાર્થના અને ધિક્કાર સાથે રહી શકતા નથી, જેનું હૃદય માફી આપી શકે છે તે જ ખરી પ્રાર્થના કરી શકે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આધ્યાત્મિક જીવનનો એક માત્ર નિયમ છે કે તમે જે કાંઈ કરો તે પરમાત્માને કરતા અર્પણ તરીકે કરો - **મોરારિ બાપુ**
- તમારી શ્રદ્ધાનો દીપ પ્રખરપણે ઝળહળતો હશે તો બીજા લોકો પણ તેમાંથી પોતાનો દીપ પ્રગટાવશે - **હેલન કેલર**
- પારદર્શક કાચમાંથી આરપાર ચોખ્ખું દેખાય છે તેમ બુદ્ધિ પણ સ્વચ્છ અને નિર્મળ હશે તો જ્ઞાનનું સ્પષ્ટ દર્શન થશે - **વિનોબા ભાવે**
- પ્રામાણિક શંકા સત્યની શોધમાં વિઘ્નરુપ નહિં, પણ મદદરુપ થાય છે- **ઝેન કથન**
- આજનું ઔષધ : આદુના રસમાં ખડી સાકર મેળવી સવારે સાંજે પીવાથી વારેવારે પેશાબ કરવા જવું પડતું હોય તો આરામ થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

માણસને જિંદગી પ્રત્યેનો અસંતોષ, અભાવ, ચિંતા, અસહકાર વગેરેને કારણે બીપી, અસ્થતા, 'હાર્ટ' જેવાં દર્દો થાય છે. નિશ્ચિંત-ભક્તિમય જીવનને કોઈ રોગ-પીડા હોય તો પણ નડતાં નથી.

ભટ્ટાચાર્ય ડૉકટરને બતાવવા ગયા. ડૉકટરે બધા રિપોર્ટ જોઈ કહી દીધું બધી નળી બ્લોક છે - હવે એક-બે દિવસના મહેમાન છો - બધાં સગાં-વ્હાલાને, દુશ્મનોને મળી લ્યો!

ભટ્ટાચાર્યે-દુશ્મનોની રડી માફી માગી આવ્યા - દુશ્મનો મિત્ર થઈ ગયા. ચાર-પાંચ લેણિયાત હતા તેની પાસે રડીને કહ્યું, આ જન્મે તો ન આપી શક્યો આવતા જન્મે ચૂક્તે કરીશ! - એમણે ધ્યાનપૂર્વક લેણાં-માફ કર્યા સંબંધીઓ 'પ્રેમપૂર્વક' વર્તવા લાગ્યાં. સંતાનો એ સાંત્વના આપી. વ્હાલાંઓ વાત્સલ્ય વરસાવવા લાગ્યાં.

બે દિવસ પછી ડૉકટર અને રસ્તે નિકળ્યા - તો જોયું ભટ્ટાચાર્ય હોટલને ગલ્લે મજાથી છાપું વાંચતા હતા! પૂછ્યું - લ્યા! તે શું દવા કરી?

ભટ્ટાચાર્યે કહે - તમે બતાવી'તી તે જ. બધાની માફી માગી આવ્યો. હળવો ફૂલ થઈ ગયો...!

ડિગ્રી વિવાદ જેવી ક્ષુલ્લક બાબતો નિરર્થક

અનેક જીવનલક્ષી અને પાયાની સમસ્યાઓથી ઘેરાયેલા દેશના નેતાઓ કેવી ક્ષુલ્લક બાબતો પાછળ માથાકૂટ કરી રહ્યા છે એનું નેત્રદીપક ઉદાહરણ દિલ્હીના મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક ઉપાધિ વિશે ઊભી કરેલી વિવાદાસ્પદ ચર્ચામાં જોવા મળે છે. ભારતની લોકશાહીના ઈતિહાસમાં આવા વાંધાવચકા કદાચ પહેલી જ વાર જોવા મળી રહ્યા છે. કયારેક ભૂતકાળમાં એવી કોમેન્ટ જરુર સાંભળવા મળતી કે તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી પાસે એમની ઑફિસમાં કારકૂનની નોકરી મેળવવા જરુરી ગણાતી શૈક્ષણિક લાયકાત પણ નથી. એવી કોમેન્ટ સામે કોંગ્રેસ પાર્ટી કે ખુદ ઈન્દિરા ગાંધી કોઈ સફાઈ પણ આપવાનું જરુરી નહોતાં સમજતાં. દેશનાં બંધારણમાં રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન બનવા માટે જરુરી શૈક્ષણિક લાયકાતનો કયાંક ઉલ્લેખ નથી. ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ એ સમયે પણ પીએચ.ડી. જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા જયારે મોટા ભાગના કોંગ્રેસી નેતાઓએ તો સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લેવા માટે અભ્યાસ અધવચ્ચે છોડી દીધો હતો. વિધિસરનું ભણતર નહીં લીધું હોવા છતાં એ પૈકીના ઘણા બધાએ ઉત્તમ વહીવટ આપ્યો હતો તે સર્વવિદિત છે. ડિગ્રી વિવાદના મૂળમાં કદાચ ખુદ કેજરીવાલની પાર્ટીના એક મંત્રી છે, જેમની ડિગ્રી બનાવટી હોવાને કારણે એમને રાજીનામું આપી દેવું પડ્યું હતું. કેન્દ્રનાં માનવ સંશાદન મંત્રી સ્મૃતિ ઈરાનીની શૈક્ષણિક લાયકાત વિશે પણ લાંબો વિવાદ ચાલ્યો અને અંતે એ શમી પણ ગયો. કેજરીવાલ એન્ડ કંપનીએ નરેન્દ્ર મોદીની ડિગ્રીઓ વિશે ઊભા કરેલા વિવાદને કારણે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિથી લઈ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રના નાણામંત્રીએ પત્રકાર પરિષદ યોજી એમની ડિગ્રીઓનું પ્રદર્શન કરવું પડ્યું તે ખરેખર ઘણું જ અશોભનીય છે. વડાપ્રધાનપદ સુધી પહોંચવા માટે મોદીએ શૈક્ષણિક લાયકાતનો આધાર નહોતો લીધો. પ્રજાએ એમની પ્રતિભાને અને વાક્‌છટાને પોંખી હતી, વળી યુપીએ સરકારની નબળી કામગીરી તથા અનેક ક્ષેત્ર આચરાયેલ ભ્રષ્ટાચારની પાપલીલા એના પતન માટે જવાબદાર હતી. ડૉ. મનમોહનસિંહ ઊંચી શૈક્ષણિક લાકયાત ધરાવનારા શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી હોવા છતાં એમના જ મંત્રીઓ દ્વારા થનાર કૌભાંડો અટકાવી શક્યા નહોતા. નરેન્દ્ર મોદીએ એમની બે વર્ષની કારકિર્દી

તંત્રીસ્થાનેથી...

દરમિયાન ઈમેજ પર ડાઘ નથી પડવા દીધા, તેની નોંધ લેવી જ રહી, ડિગ્રી સર્ટિફિકેટોમાં નામમાં કે સ્પેલિંગમાં જે ફેરફાર છે, તે કોઈ ગંભીર ક્ષતિ નથી. મોદી તો સંઘના પ્રચારકની કામગીરી કરતાં કરતાં ટુકડે ટુકડે ભણ્યા છે. કયારેક એમની આત્મકથા અથવા અધિકૃત જીવનકથા બહાર પડશે તો એમાં આ બધી પુરુષાર્થ ગાથા જરુર જોઈ શકાશે. કેજરીવાલ યેનકેન પ્રકારેણ મોદીની ઈમેજ ખંડીત કરવા મથે છે, પણ એ માટે એમને કેન્દ્ર સરકારની કામગીરીમાં રહેતી ખામીઓ શોધવી જોઈએ. આવી ક્ષુલ્લક બાબતો હાઈલાઈટ કરીને એ પોતાની જ પ્રતિષ્ઠા ઓછી કરી રહ્યા હોય એવું નથી લાગતું? એમની સરખામણીમાં બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર ઘણા વધુ પરિપક્વ નેતા છે. કોંગ્રેસીઓ પણ આવી ક્ષુલ્લક બાબતોમાં પડવાને બદલે દેશની સમસ્યાઓ પ્રત્યે સરકારના દુર્લક્ષપૂર્ણ વલણની ટીકા કરે છે. કેજરીવાલ અને આશુતોષે પત્રકાર પરિષદ કરીને કરેલી દલીલોમાં બહુ દમ લાગતો નથી. મોદી તો હાથી છે અને હાથી એની જ મસ્તીમાં મહાલતો રહી આગળ વધી જાય છે!

...મેળ વગરનાં લગ્નના મંડપ તળે દહેજના ઉંબરે એક કળી મુરઝાઈ ગઈ

શ્રાવણ માસના સ્વાતિ નક્ષત્રમાં વસંતરાયના ઘેર એક કળી અંકુરિત થઈ. સ્વાતિ નક્ષત્રમાં હોવાના કારણે તેનું નામ સ્વાતિ રખાયું. ચંદ્રની કળાઓની જેમ સ્વાતિ પણ મોટી થવા લાગી. સત્યાવીસ નક્ષત્રોના પરિવર્તનની જેમ તેના શરીરમાં પણ વસંત વિતતા પિતાએ ચિંતા થવા લાગી. સ્વાતિ માટે યોગ્ય વરની શોધ થવા લાગી.

સ્વાતિ વસંતરાયના દાંપત્યજીવનનું પહેલું પુષ્પ હતી. તેથી લાડકોડથી ઉછેરી હતી. તેની દરેક ઈચ્છા, આકાંક્ષાઓનું ધ્યાન રખાતું હતું. ભલે તે ભણે કે નહીં તેની પરવા કુટુંબે કરી ન હતી. પરિણામે આઠમીથી આગળ એ ભણી શકેલ નહીં છતાં સ્વાતિને તેની ચિંતા નહોતી કે ભવિષ્યમાં શું થશે? ઘણા એ સમજાવવાનો પ્રયત્ન કરેલો પણ પથ્થર પર પાણી.

સોળ વસંત વીત્યા પછી વિવાહની વાત ચાલી. મા-બાપનાં ઊંચા સપનાં, આકાશના તારા તોડી લાવવા સમાન પોતાનું જીવન સ્તર તથા પોતાના આર્થિક સ્તરથી બમણા-ચાર ગણા સ્તરના કુટુંબમાં જઈ વાત ચલાવી. ધનદૌલતની કમી નહોતી. સામાજિક રીતે મિલનસાર ન હોવાને કારણે ડબલ પોસ્ટ ગ્રેજ્યુએટ અને પોતાનો બિઝનેસ કરતા હોવા છતાં કુંવારા રહેવું પડ્યું હોય એવા પૌઢાવસ્થાની નજીક પહોંચેલાની સાથે સત્તર વરસની કન્યાને ચૌત્રીસ વરસનો મુરતીયો હોવા છતાં જાણે કે તેઓ મોકો હાથથી જવા દેવા માંગતા ન હતા.

આમ સામાજિક મર્યાદા અનુસાર સ્વાતિએ પિતૃવયના પુરુષ સાથે ફેરા ફર્યા. લગ્નના શરુઆતના સોનેરી દિવસો અને રુપેરી રાતો આરામથી પસાર થવા લાગી. સ્વાતિ નાના ગામડેથી મહાનગરમાં આવી ખુશ હતી. અભાવગ્રસ્ત જીવન હતું તેમાં સુખ સુવિધાઓ ભર્યું ઘર જોઈ મનમાં રાજી થતી કે પૈસાદાર પતિ મળ્યો.

સત્તરમી વસંત પસાર કરતાં સ્વાતિ પોતાના યૌવનકાળને અનુરુપ ચટકમટક રહેવા લાગી. નવી વાત નવ દિવસ ને વધુ ચાલે તો તેર દિવસ એમ સુખની ક્ષણો વિતવા લાગી. પતિદેવની પ્રશ્નવાચક નજરથી એવું લાગવા માંડ્યું કે તેના મનમાં કંઈક અલગ ભ્રમ છે. હવે તે ઉદાસ અને નિરાશ રહેવા લાગી.

જયારે પતિ જ પરાયા જેવો વ્યવહાર કરવા લાગે ત્યારે સાસુ-સસરાને પણ મોકો જતો હોય છે. તે પણ પોતાનો બધો ઊભરો ઠાલવવા આસુર હતા. એક દિવસ તો બધા એ મળીને કહી જ દીધું કે તારે પિયરથી બે ચાર વાસણ તો લઈ આવવાં હતા. ઘરેથી ગાયને પણ સાંકળ અને ડોકમાં ઘંટડી બાંધી વિદાય કરાય છે. તારા બાપે શું આપ્યું? રોજબરોજ નાનામોટા ઝઘડા થવા લાગ્યા. કલહને કારણે કયારેક કયારેક મેંણા ટોણાં, કયારેક અપમાન અને સાચું-ખોટું સ્વાતિને સાંભળવું પડતું.

મેળ વગરનાં આ લગ્ન અભિશાપ બનવાં લાગ્યા. દહેજનો દાનવ સતાવવા લાગ્યો. સમાજમાં બે મોઢાનું જીવન જીવનારા અતિ મહત્ત્વાકાંક્ષી કેવું આચરણ કરે છે. તેવો એક બનાવ પ્રત્યક્ષ થયો. હથેળીમાં રાખીને પાળીપોખી હતી તેવી સ્વાતિ નોકરાણી જેવું જીવન જીવતાં પિયરને યાદ કરવા લાગી.

ધીરે ધીરે સ્વાતિ એ પણ કઠોરતા ધારણ કરી લીધી. અને પતિ સાથે અતડી અતડી રહેવા લાગી. પતિએ કહી દીધું કે મારે તારી જરુર નથી. તેથી સ્વાતિ ધ્રુસકાં મુકી રડવા લાગી.

નવાં કલેવર
નટવર હેડાઉ

સમય વિતતો રહ્યો. એક દિવસ વસંતરાય દિકરીને તેડવા આવ્યા. સાસરેથી પિયર જતાં એક ચેતવણી ભર્યું વાક્ય. પાછી આ ઉંબરે પગ ન મુકતી એ વાત પતિના મુખે સાંભળી સૌ ચૌંકી ગયા.

સ્વાતિ પિયર આવી મમ્મી-પપ્પા સાથે તેમની લાડકી થઈ રહેવા લાગી. ગામમાં ચર્ચા થવા લાગી કે સ્વાતિ હવે સાસરે જવાની નથી. તેને છોડી દીધી છે. પરાઈ પીડા જોનારને મીઠી લાગતી હોય છે. આ પીડા સ્વાતિના દિલમાં જખમ બની ગયેલી છતાં બહારથી હંસતી અને બહેનપણીઓ સાથે રમતી. પરંત સ્વાતિને ફેરાનો સમય, સાસરે ભોગવેલ ક્ષણિક સુખ, ઝાઝું બધું દુઃખ એ બધું રહી રહીને યાદ આવતું હતું. મોટી ઉંમરના પુરુષની પત્ની બનીને કઈ રીતે તે રહી એ વિચારો તેને હચમચાવી મુકતા હતા.

કોણ જાણે કયા કારણો સસરા સ્વાતિને સાસરે તેડી જવા આવ્યા. વસંતરાયના કુટુંબે વિચાર્યું કે દીકરી તો સાસરે જ શોભે. તેથી સમજાવી પટાવીને તેને કહ્યું કે તું તૈયાર થઈ જાય. સ્વાતિએ આનાકાની કરી, જીદ કરી પણ પિતા માન્યા નહીં. ચિડાઈ ને બદલવાના કપડાં લઈ તેણે ઓરડાનું બારણું બંધ કર્યું. નવાં કપડાં પહેલી સાસરે જવા વિદાય થઈ.

બહેનપણીઓ ઘરના આંગણેથી બસમાં બેસાડવા સાથે આવી. વિદાય થતાં સ્વાતિએ

અનુસંધાન પાના નં. ૭ પર

તમે કોઈની કેટલી કાળજી રાખો છો?

મીરાંબાઈએ ગાયું છે કે "બાઈ રી, મૈં તો પ્રેમ દીવાની..." પ્રેમ એટલે જૂનુન, પ્રેમ એટલે પાગલપન. પ્રેમની અનુભૂતિ ત્યારે જ આવે જ્યારે દીવાનગી આવી જાય. પાગલપન વિના પ્રેમ શક્ય જ નથી. દિલમાં ટીસ ઊઠે, દિલમાં કોઈ કાંટો ભોંકાયાની વેદના સતત અનુભવાય ત્યારે આ રસ્તે ચાલી શકાય.

એકમેકની કાળજી અને એકબીજાની કદર કરવી, સતત કરવી એટલે જ પ્રેમ. મા પોતાના સંતાનોની કાળજી સતત કરતી હોય છે. માના નિર્દોષ પ્રેમમાં રવિવારે રજા હોય કે શનિવારે હાફ-ડે ઓફફ હોતો નથી. પ્રેમ એ કોઈ પાર્ટ ટાઈમ જોબ નથી કે નવરાશનું કામ નથી. આ કોઈ ટાઈમપાસ બિઝનેસ નથી. પરંતુ વાસ્તવિકતા હંમેશા જુદી જુદી હોય છે.

સાચો પ્રેમ લાગણીથી હર્યોભર્યો હોય છે. એમાં ક્યારેય દુષ્કાળ પડતો નથી. આપણામાં સાચો પ્રેમ હશે તો ભલે સામેની વ્યક્તિ આપણા પ્રેમની કદર ન કરે કે ના કરે તો પણ આપણે તેના પ્રત્યે પ્રેમ બતાવીએ છીએ અને તેનું હંમેશાં ભલું થાય એમ જ ઈચ્છીએ છીએ. મા-બાપ બાળકોને પ્રેમથી ક્યારેક ઠપકો પણ આપતા હોય છે, ત્યારે બાળકો નારાજ થઈ જાય છે અને મા-બાપની કદર પણ કરતા નથી. આમ છતા મા-બાપ પોતાનાં સંતાનો ઉપર ક્યારેય પોતાનો પ્રેમ ઓછો કરી દેતા નથી. પ્રેમ એટલે નિરંતર વહેતું ઝરણું.

એક પુરુષ તરીકે તમે તમારા જીવનસાથીની કદર કરો છો? એક સ્ત્રી તરીકે પણ શું તમે તમારા બેટરહાફની કદર કરો છો? તમે એકબીજાને માન તથા આદર આપો છો? શું તમે તમારા જીવનસાથીને ખરેખર ચાહો છો? જવાબ હકારમાં આપીને પણ જો પ્રિયજનની કાળજી અને કદર ન કરતા હોય તો એ દંભ જ કહેવાય. પ્રેમના નામે દંભ કરવાની શી જરુર? આવો દંભ કરનાર વ્યક્તિ પોતે જ પોતાની જાતને છેતરે છે, એમ કહી શકાય.

એકમેકની કાળજી અને એકબીજાની કદર કરવી, સતત કરવી એટલે જ પ્રેમ, મા પોતાના સંતાનોની કાળજી સતત કરતી હોય છે, માના નિર્દોષ પ્રેમમાં રવિવારે રજા હોય કે શનિવારે હાફ-ડે ઓફફ હોતો નથી, પ્રેમ એ કોઈ પાર્ટ ટાઈમ જોબ નથી કે નવરાશનું કામ નથી, આ કોઈ ટાઈમપાસ બિઝનેસ નથી

પતિ-પત્નીએ એકબીજાને પ્રેમ આપવો જોઈએ અને એકમેક પ્રત્યે માન-સન્માન રાખવું જોઈએ. આમ થવાથી બેઉ વચ્ચેનો પ્રેમ ગાઢ-પ્રગાઢ બને છે. તમારી પસંદ અને નાપસંદ એકબીજાને ખબર હોવી જોઈએ. ઘણા કપલ એવા પણ હોય છે કે પોતાના પ્રિયજનને કઈ વાનગી ભાવે છે, કયા રંગ ગમે છે, કયા શોખ છે અને શું ગમે છે તથા શું નથી ગમતું? એ વિશે કશી જ ખબર હોતી નથી. આમ છતા વર્ષોવર્ષ સાથે જીવ્યે જતા હોય છે, એ પણ એક હકીકત છે.

સંબંધની શ્રેષ્ઠતા એકબીજાને સમજવામાં છે. એકમેકને સમજ્યા વિના જીવનની સફર કઈ રીતે શરુ થઈ શકે? ઘણા એવા લોકો પણ હોય છે કે જેઓ બાળપણથી જ મા-બાપ, ઘર-પરિવાર, સ્નેહીજનો વગેરેનો પ્રેમ પામ્યા વિના જ મોટા થાય છે. તેમના મનમાં પ્રેમ વિશે જાત જાતની માન્યતા યા ગેરમાન્યતા ઉભી થયેલી હોય છે, પરંતુ પ્રેમ એટલે શું? એની તેમને કશી ખબર જ ન હોય એવું પણ બનતું હોય છે.

જો આપણે કોઈ વ્યક્તિ સાથે સંબંધ બાંધવો હોય અને સંબંધમાં આગળ વધવું હોય તો એમના વિશે જાણવું અનિવાર્ય હોય છે. જો આપણે સામી વ્યક્તિને સારી રીતે જાણી શકીએ તો જ તેને યોગ્ય રીતે ઓળખી અને સમજી શકીએ. આપણે આપણી પસંદ-નાપસંદ પણ સામી વ્યક્તિને જણાવવી જોઈએ. દરેક વ્યક્તિ પોતાના પ્રિયજનને પરસ્પર એકમેકની બાબતો જણાવે અને સમજાવે એનો અર્થ એ જ કે પરસ્પર બેઉ પોતપોતાના જીવનમાં એને લાગુ પણ પાડે.

આપણા ગમા-અણગમા આપણે સામેની વ્યક્તિને કહીએ છીએ, એનો અર્થ એવો પણ નથી કે આપણે સામી વ્યક્તિની વ્યક્તિગત અને મૌલિક સ્વતંત્રતા ઉપર રોક લગાવીએ છીએ. સંબંધમાં સમજણનો સેતુ રચાય એ ખુબ જરુરી છે. એથી આપણને એવું પણ શીખવા મળે છે કે આપણે એકબીજા પ્રત્યે કેવી રીતે વર્તાવ કરવો જોઈએ.

ગુલમોર
દિનેશ દેસાઈ

પ્રેમના નામે ઘણા લોકો ધન-સંપત્તિ પાછળ જ દોટ મૂકતા હોય છે. તેમનો અંતિમ આશય કશુંક પામી લેવાનો અને કશુંક મેળવી લેવાનો પણ હોય છે. ગુજરાતી કહેવત છે ને કે સગાં સૌ સ્વાર્થનાં. આ જ કહેવત સંબંધમાં લાગુ પડતી ઘણી વાર જોવા મળતી હોય છે. ઘણા કિસ્સામાં લોકો માત્ર દેખાવ પૂરતો કે નામ માત્રનો જ પ્રેમ બતાવતા હોય છે. પ્રેમના નામે માત્ર શો-ઓફફ જ કરવામાં આવે છે. તમે સાચો પ્રેમ પામવા ઈચ્છતા હોવ તો પહેલા પ્રેમ આપવાની શરુઆત કરો.

દરેક વ્યક્તિ જન્મ સાથે જ પ્રેમનો આવિર્ભાવ પામે છે. બાળક પોતાના મા-બાપ અને પરિવાર પાસેથી પ્રેમ પામે છે અને પ્રેમ કરવાનું આપોઆપ શીખી લે છે. પરિવારમાં દરેક વ્યક્તિ એકબીજાની કાળજી રાખતી હોય, એકમેકનો આદર કરતી હોય, એકમેકની મદદ કરવા હરહંમેશ તત્પર રહેતી હોય ત્યારે આપોઆપ પ્રેમ પ્રગટ થાય છે. આ કંઈ ઉપરછલ્લો પ્રેમ હોય છે, એવું નથી. જે લોકો પ્રેમને પામે છે અને સમજે છે, તેમને ખબર હોય છે કે જીવનમાં તકલીફો યા દુઃખ તો આવવાનાં જ છે. આમ છતા ઘર-પરિવારની વ્યક્તિ પરસ્પર પ્રેમ વ્યક્ત કરવાનું બંધ કરી દે એવું બનતું નથી. આ પ્રેમની સંપૂર્ણતા અને પૂર્ણતા છે.

પ્રેમ એટલે જ સંપૂર્ણતા. પ્રેમ એટલે સ્વતંત્રતા છતા નાજુક બંધન. સુખમય જીવનની ગુરુચાવી એ જ છે કે આપણી ભીતર પ્રેમનું ઝરણું સતત અને અવિરત વહેતું રહેવું જોઈએ. પ્રેમમાં નાનકડા, તોફાની બાળક જેવી રમતિયાળ વૃત્તિ-પ્રવૃત્તિ હોય. બાળસહજ નિદીષતા અને સહજતા એ જ પ્રેમની ખરેખરી અને સાચુકલી અનુભૂતિ.

સ્ટોપર :

"તું ડગ ભરવાની હિંમત કર, ઊતરતા ઢાળ જેવો છું,
મનાવી લે મને, હું સાવ નાના બાળ જેવો છું."

- ખલીલ ધનતેજવી

શીખો કંઈક...!! દુઃખ ઘણું છે એમ ન કહો, સહનશક્તિ ઓછી છે એમ કહો...!!

રામેશ્વરથી ઓખા જવા નીકળેલી ટ્રેન ઔરંગાબાદ સ્ટેશને આવીને રોકાઈ...

અજંતાની ગુફા અને પેઈન્ટીંગ્સનો નજારો મનમાં ભરીને, માણીને એન્જિ.ના અભ્યાસમાંથી મળેલો સમય કાઢી, ફ્રેશ થયેલી તોશાલી ટ્રેનમાં ચઢી...

'બા ઊઠશો? સીટ નંબર ૪૦ મારી છે.' બર્થ પર લંબાવીને પડેલાં બાને પ્રેમપૂર્વક વિવેકથી જગાડી તોશાલીએ કહ્યું.

માથે સંપૂર્ણ ટકા સાથેના લગભદ ૬૪-૬૫ વર્ષના બા જાગીને બેઠાં થયાં, એમણે એમનો થેલો સંકોરી, પલાઠી વાળતા નવા પેસેન્જરને જગ્યા કરી આપી... સામાન સેટલ કરી, સુઝ ઉતારી થેલામાંથી ઈલેકટ્રીકલ સર્કિટનું પુસ્તક કાઢી તોશાલીને એમાં એનું માથું ઘુસાડી દીધું... ફેરિયા અને પેસેન્જરની અવર-જવર ચાલુ જ હતી.

ટૉયલેટ-બેઝીન તરફથી પાછાં ફરતાં પેસેન્જરોનો ગણગણાટ કાને પડતો હતો કે પાણી નથી! પેલા બા બોલી રહ્યાં હતા, મહારાષ્ટ્રમાં ટ્રેન એન્ટર થઈ પછી પાણી પતી ગયું છે, ગુજરાત બોર્ડર આવે એ પહેલા બોગીમાં પાણીની વ્યવસ્થાની કોઈ શક્યતા નથી, પીવાનાં પાણીની બોટલ તો વેચાતી લેવાય, પણ આ વપરાશના પાણીનું શું?

તોશાલીએ વાત સાંભળી મહારાષ્ટ્રમાં રહેલી પાણીની સમસ્યાને જોઈ રહી હતી. આપણાં ગુજરાતમાં તો કેટલી શાંતિ? કોઈ તકલીફ નહીં... પણ જયારે કોઈ ગાર્ડનનો નળ ખુલ્લો હોય કે પાણીની ટાંકી ઓવરફ્લો થઈ વહેતી હોય ત્યારે તોશાલીની જેમ જ અનેકના જીવ ઉકળી ઉઠતા હોય છે...

એ ઘેર આવે એની સાક્ષીએ
જીવન જીવે એની સાક્ષીએ, અને
વિદાય લે એની સાક્ષીએ...
સાચે જ, સ્ત્રીનું જીવન એટલે
આજીવન અગ્નિ સાથે દોસ્તી...
- પારસ એસ. હેમાણી (રાજકોટ)

'તમે ક્યાં જવાના?' બાએ તોશાલીને પ્રશ્ન કર્યો. 'અમદાવાદ' વાત કરવાનો થોડો કંટાળો કરતાં તોશાલી બોલતી હતી. પણ બા હવે વાત કરવાના પુરા મૂડમાં હતા.

'હું રામેશ્વરમ જઈ આવી. બહુ મજા આવી. અમારી સાથે આખી શાહીબાગની ભજન મંડળી છે. અમે વર્ષે એકાદ વખત ધાર્મિક પ્રવાસ કરીએ છીએ. તમે કયાંય ફરવા જવા છો?' બા અટક્યા.

'હા, વરસમાં એકાદ વખત મામા કે માસીને ઘરે. ફરવાનું એવું ખાસ નહીં, ભણવામાંથી સમય મળતો નથી. આ વખતે થોડો ચાન્સ મળ્યો તો અજંતાની ગુફાઓ જોઈ આવી... પણ બા આ તમે મુંડન કેમ કરાવ્યું?' તોશાલીને ટ્રેનમાં ચઢી ત્યારથી જ આશ્ચર્ય હતું.

'મારા વાળનો ગ્રોથ સરસ છે, મસ્ત ચોટલો બને, પણ ચાર વર્ષ પહેલાં મારા પતિ ગુજરી ગયા. તિરુપતી ગઈ ત્યાં 'ગોવિંદા ગોવિંદા' કરીને મુંડન કરાવી દીધું. આ બધા તો ના જ પાડતાં હતાં, પણ આ ફેશનનો મોહ કેટલો કરવાનો?'

... વાળ તો મારાંય ઘાટા અને લાંબા છે, સરસ બે ચોટલા બને, પણ મારે તો કપાવવા છે, ફૅશન તો કરવી પડે ને? કૉલેજમાં છીએ. અત્યારે ફૅશન નહીં કરીએ તો કયારે કરવાની? મા-બાપ તો ના પાડે છે, પણ બધાંનો વિચાર કરીએ તો આપણી ફૅશન તો રહી જ જાય ને? બાનું સારું કહેવાય એક જ ઝાટકે મુંડન... તોશાલી મનમાં વિચારતી હતી.

'જો બેટા, ફૅશન તો ક્ષણિક છે, ત્યાગ કરવો અઘરો છે.' જાણે બા તોશાલીના મનની વાત કળી ગયાં હોય તેમ બોલ્યા.

'મારા પતિ પીએસઆઈ હતા, શાહીબાગમાં ક્વાર્ટર, પણ તેઓ ચાર વર્ષ પહેલાં ગયા. મારો એક દીકરો પણ પીવાની લતમાં જતો રહ્યો, હાલ હું મારી એ પુત્રવધુ, મારા મા-બાપ સાથે ક્વાર્ટરમાં રહું છું.' બા હસતા મોંઢે એમના પરિવારની વાત માંડી રહ્યાં હતા.

'મા-બાપ ૮૦ની ઉમરનાં છે. મારે સાત હજાર પેન્શન અને ફ્લૅટ ભાડે આપ્યો એમાંથી ચાર હજાર એમ મળીને ૧૧ હજાર આવક છે. એમાં ઘર સંસાર, વહેવાર બધું સાચવી બચત કરીને વર્ષે આવી યાત્રા કરી આવું છું.' બા એમની સંઘર્ષ કહાની પણ ઉત્સાહભેર કરતા હતા.

તોશાલીને પણ દાદી છે. એમાંય દાદા ચાર વર્ષ પહેલાં અચાનક અંતિમયાત્રાએ ચાલી નીકળ્યાં. દાદીને આર્થિક કોઈ તકલીફ નથી. બધાં દીકરા સેટલ છે, પણ તોય દાદી ઘરની બહાર નીકળતા નથી, કોઈ પ્રવૃત્તિ કરતાં નથી, દુઃખને ગળે વળઘાડી જીવે છે... તોશાળી અનાયાસ બાની ઘટનાને પોતાની દાદી સાથે સરખાવતી હતી.

આ બા દીકરો ગયો તો એની પત્નીને સાચવે છે. તોશાળીની ફોઈ એટલે કે દાદીની દીકરી પણ લગ્ન પછી અકસ્માતો મૃત્યુ પામી, દાદી હજી એનું દુઃખ કરતાં હોય છે. અને આ બા ?

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

'બેટા, બે વર્ષ પહેલાં કેદારનાથ ગયેલી, મારી બાને મારાં ચાર તોલા સોનાના દાગીના આપીને ગયેલી એ ચોરાઈ ગયા. મને સોનું પહેરવાનો શોખ, પણ પ્રવાસમાં ઘરે મુકીને જઉં...'

'પણ બા, લોકરમાં મુકતાં હો તો?'

'નારે, અહીં તો પહેરવાનો શોખ, એ તો ઠીક ગયાં વર્ષે સોમનાથ ગયેલી ત્યારે મારા સોનાના પાટલાં ચોરાઈ ગયા. હવે આ વખતે શું થશે રામ જાણે.' આટલી નુકશાની છતાં બાને કોઈ પ્રકારની ગ્લાનિ હોવાનું ચહેરા પર ડોકાતું નહોતું...

... મારી મમ્મીના દાગીના પણ હું માત્ર બે વર્ષની હતી ને ત્યારે ચોરાઈ ગયેલા, ચોરનો પત્તો તો લાગ્યો નહીં પણ ઘરમાં થયેલા આરોપ-પ્રત્યારોપથી મમ્મીને પિયર રહેવાના દિવસો આવેલાં, મમ્મી હજી પણ આ ઘટના યાદ આવતાં છેડાઈ પડે છે, એને દાગીના અને એ ઘટનાનો કડવો ઘુંટડો હજી મનમાં લઈ ફરે છે... અને આ બિલકુલ પ્રેક્ટિકલ બા ? આજે ખબર નહીં પણ તોશ